**(951)** યુનાઈટેડ નેશનમાં આંતરરાષ્ટ્રીય કાનૂની સમસ્યાઓને કોના દ્વારા રજૂઆત અથવા સેટલ કરવામાં આવે છે?

(A) જનરલ એસેમ્બલી દ્વારા

(B) ટ્રસ્ટીશીપ કાઉન્સીલ દ્વારા

(C) સુરક્ષા પરિષદ દ્વારા

(D) ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ દ્વારા

***Ans:*** D

**(952)** નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે?

(A) અનુસૂચિ – 10માં પક્ષ પલટા વિરોધી કાયદો ઘડવા માટેની જોગવાય છે.

(B) ભારતના બંધારણ સમયે માત્ર 18 ભાષાઓ જ માન્ય હતી.

(C) અનુસૂચિ – 4 રાજ્યસભા અને કેન્દ્રશાસિત પ્રદેશની બેંકોની ફાળવણી.

(D) અનુસૂચિ – 12 મુજબ શહેરી સ્થાનિક સત્તામંડળોની સત્તા અને જવાબદારીઓનો ઉલ્લેખ આપવા કર્યો છે.

***Ans:*** B

**(953)** નીચેનામાંથી કયા મૂળ અધિકાર છે, જે માત્ર ભારતીય નાગરિકોને પ્રાપ્ત થાય છે?

(A) અનુચ્છેદ – 15, 16, 19, 29, 30

(B) અનુચ્છેદ – 15, 16, 20, 21, 24, 25

(C) અનુચ્છેદ – 15, 16, 19, 25, 26

(D) અનુચ્છેદ – 14, 15, 20, 21, 24

***Ans:*** A

**(954)** ભારતીય રાષ્ટ્રપતિની કચેરીનો કાર્યકાળ....

(A) વર્તમાન રાષ્ટ્રપતિશ્રી દ્વારા બદલી શકાય છે.

(B) બંધારણ દ્વારા નક્કી કરવામાં આવે છે.

(C) કેન્દ્રમાં સરકારના રાજકીય પક્ષ દ્વારા બદલી શકાય છે.

(D) રાજ્ય વિધાનસભાની ભલામણ દ્વારા પણ બદલી શકાય છે.

***Ans:*** B

**(955)** નીચેનામાંથી કોણ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કરવામાં આવે છે?

(1) ચેરમેન ઓફ ફાઈનાન્સ કમિશન

(2) ડેપ્યુટી ચેરમેન ઓફ પ્લાનીંગ કમિશન

(3) ચીફ મીનીસ્ટર (મુખ્યમંત્રી) ઓફ યુનિયન ટેરેટોરી

(A) માત્ર 1 અને 2 (B) માત્ર – 1 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 3 ***Ans:*** A

**(956)** નીચેનામાંથી કયો વિકલ્પ સત્ય છે?

(A) અનુચ્છેદ – 2 ભારત સરકારના નવા રાજ્યો બનાવવાનો અધિકાર આપે છે. જે ભારતનો ભાગ નથી.

(B) બંને સાચાં

(C) બંને ખોટા

(D) અનુચ્છેદ – 3 એ સરકારની અંદર રાજ્યની સીમાઓ બદલવાની સત્તા આપે છે.

***Ans:*** B

www.Gujarat1.com

**(957)** નીચેના વિધાનો ચકાસો.

(1) CBI ઈન્ટરપોલ સભ્ય દેશોની તપાસ માટેની નોડલ પોલીસ એજન્સી છે.

(2) NHRC ના સભ્યોની નિમણૂક ભારતના ઉપરાષ્ટ્રપતિશ્રી કરે છે.

(3) સીમાંકન પંચ એ બંધારણીય સંસ્થા છે.

(4) બંધારણમાં ક્ષેત્રિય પરિષદનો ઉલ્લેખ જોવા મળતો નથી.

ઉપરનામાંથી કયા વિધાનો સત્ય છે?

(A) માત્ર 1 અને 2 (B) 1, 2, 3 અને 4 (C) માત્ર 1 અને 4 (D) માત્ર 1 અને 3 *Ans*: C

**(958)** નાણાંકીય કટોકટી દરમ્યાન રાજ્ય વિધાનમંડળો દ્વારા પસાર કરવામાં આવેલા બધા ખરડાઓને કોના વિચારાર્થ રાખવામાં આવે છે?

(A) પ્રાધાનમંત્રી (B) રાજ્યપાલ (C) રાષ્ટ્રપતિ (D) એકપણ નહીં *Ans*: C

**(959)** નીચેના જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. કાયદાનો નિયમ | a. જર્મન બંધારણ |
| 2. ડાયરેકટીવ સિદ્ધાંતો | b. ઓસ્ટ્રેલિયન બંધારણ |
| 3. સમવર્તી યાદી | c. આઈરિશ બંધારણ |
| 4. ઈમરજન્સી દરમિયાન મૂળભૂત અધિકારોનો સસ્પેન્શન | d. બ્રિટિશ બંધારણ |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a

(B) 1 - d, 2 - b, 3 - a, 4 - c

(C) 1 - b, 2 - a, 3 - d, 4 - c

(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

*Ans*: D

**(960)** લોકસભાના કાર્યકાળ પૂરા થવા પહેલાં જ ભંગ કરવામાં આવે છે....

(A) પ્રધાનમંત્રીશ્રી દ્વારા સ્વવિવેકથી

(B) લોકસભાના અધ્યક્ષશ્રીના સ્વવિવેકથી

(C) રાષ્ટ્રપતિશ્રી દ્વારા સ્વવિવેકથી

(D) પ્રધાનમંત્રીશ્રીની ભલામણથી રાષ્ટ્રપતિશ્રી દ્વારા

*Ans*: D

**(961)** CAG ભારતની કઈ નિધિઓનું લેખા પરિક્ષણ કરે છે?

(A) લોકલખાનિધિ (B) સંચિતનિધિ (C) આપેલ તમામ (D) આકસ્મિકનિધિ *Ans*: C

**(962)** નીચેનામાંથી કઈ કઈ સંસ્થાઓ બંધારણીય છે?

(1) જાહેર સેવા આયોગ (2) રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ (3) રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ (4) નીતિ આયોગ (5) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (6) કેન્દ્રીય તકેદારી આયોગ

(A) માત્ર 1, 2, 4, 5, 6 (B) માત્ર 1, 2, 3 (C) માત્ર 1, 2, 5, 6 (D) માત્ર 1, 2, 3, 4 *Ans*: B

www.Gujarat1.com

**(963)** એટર્ની જનરલની નિમણુક કોના દ્વારા કરવામાં આવે છે?

(A) એકપણ નહીં (B) પ્રાધાનમંત્રી (C) રાષ્ટ્રપતિ (D) રાજ્યપાલ ***Ans:*** C

**(964)** બંધારણના નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) મફત અને ન્યાયી ચૂંટણીની દેખરેખ, દિશા અને આચાર.

(2) રાજકીય પક્ષોને માન્યતા આપવી, રાજકીય પક્ષો અને અલગથી ચૂંટણી લડી રહેલા વ્યક્તિઓને ચિહ્નો ફાળવવા.

(3) લોકસભા, રાજ્યસભા, સંસદ, રાષ્ટ્રપતિશ્રી અને ઉપરાષ્ટ્રપતિશ્રીના મતદાન પત્રની તૈયારી કરવી.

(4) ચૂંટણી વિવાદિત કેસોમાં અંતિમ ચૂકાદાની જાહેરાત.

ઉપરનામાંથી કઈ ભારતીય ચૂંટણીપંચની કામગીરી છે?

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 1, 2 અને 4 (D) માત્ર 2, 3 અને 4 ***Ans:*** B

**(965)** ભારતના એટર્ની જનરલશ્રી વિશે નીચેનામાંથી શું સત્ય નથી?

(A) તેમનો કાર્યકાળ અને પગાર રાષ્ટ્રપતિશ્રી દ્વારા નક્કી કરવામાં આવે છે.

(B) તેઓ ભારત સરકારના કાનૂની સલાહકાર છે.

(C) તેઓ સરકારને સંક્ષેપતા કેસમાં હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટ સમક્ષ હાજર થાય છે.

(D) સંસદની કાર્યવાહીમાં તે મતદાન કરી શકે છે.

***Ans:*** D

**(966)** નીચેના વાક્યો પર વિચાર કરો.

(1) ભારતના બંધારણ મુજબ વટહુકમ બહાર પાડવાની સત્તા માત્ર રાષ્ટ્રપતિશ્રી પાસે જ છે.

(2) ભારતમાં રાજ્યમાં કટોકટી જાહેર કરવાની સત્તા માત્ર રાષ્ટ્રપતિશ્રી પાસે જ છે.

ઉપરનામાંથી કયું વિધાન સત્ય છે?

(A) એકપણ નહિ (B) માત્ર 1 (C) માત્ર 2 (D) 1 અને 2 બંને ***Ans:*** C

**(967)** ભારતના નીચે આપેલ ન્યાયાલયમાંથી કોને "કોર્ટ ઓફ રેકોર્ડર્સ" તરીકે ઓળખવામાં આવે છે?

(A) જનપદ ન્યાયાલયને

(B) માત્ર સર્વોચ્ચ અદાલતને

(C) સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલત બંનેને

(D) માત્ર વડી અદાલતને

***Ans:*** C

**(968)** વડાપ્રધાન - કાર્યો બાબતે નીચેના યોગ્ય જોડકાં જોડો.

1. શ્રી લાલબહાદુર શાસ્ત્રી a. ટેલિકોમની ક્રાંતિ થઈ

2. શ્રી રાજીવ ગાંધી b. રાઈટ ટુ ઈન્ફોર્મેશન અમલી બન્યો

3. શ્રી મનમોહનસિંહ c. વિશ્વાસ પ્રસ્તાવ દ્વારા પરાજિત થનાર વડાપ્રધાન

4. શ્રી એચ.ડી. દેવગૌડા d. NDDB ની સ્થાપના કરવામાં આવી.

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a (C) 1 - d, 2 - a, 3 - b, 4 - c

(B) 1 - d, 2 - b, 3 - a, 4 - c (D) 1 - a, 2 - d, 3 - c, 4 - b

***Ans:*** C

www.Gujarat1.com

**(969)** ઈ.સ. 1922માં "ભારતીય બંધારણ ભારતીયોની ઈચ્છાનુસાર હશે" વાક્ય દ્વારા કોણે પરોક્ષ રીતે બંધારણ સભાનો વિચાર રજૂ કર્યો?

(A) ભીમરાવ આંબેડકર (B) મોહન ગાંધી (C) જવાહરલાલ નેહરૂ (D) મહાત્મા ગાંધી ***Ans:*** D

**(970)** અંતિમ ઔપચારિકતા શું છે કે જેના વગર કેન્દ્રીય બિલ કાયદો બની શકે નહિ?

(A) યુનિયન કાયદા પ્રધાનશ્રીના હસ્તાક્ષર

(B) લોકસભાના સ્પિકરશ્રીના હસ્તાક્ષર

(C) વડાપ્રધાનશ્રીના હસ્તાક્ષર

(D) રાષ્ટ્રપતિશ્રીના હસ્તાક્ષર

***Ans:*** D

**(971)** અનુચ્છેદ – 358 અને 359 એ મૂળભૂત અધિકાર પર રાષ્ટ્રીય કટોકટીની અસરનું વર્ણન કરે છે. તો નીચેનામાંથી કયું વિધાન અનુચ્છેદ – 358 અને 359 બાબતે યોગ્ય છે?

(1) અનુચ્છેદ – 358 બાહ્ય કટોકટીના બનાવમાં જ લાગુ પડે છે. આંતરિક કટોકટીમાં નહિ.

(2) અનુચ્છેદ – 359 મુજબ બાહ્ય અને આંતરિક બંને કટોકટીમાં કાર્યરત છે.

(3) અનુચ્છેદ – 358 સમગ્ર દેશ માટે લાગુ પડે છે અને જ્યારે અનુચ્છેદ – 359 સમગ્ર દેશમાં અથવા મર્યાદિત ભાગમાં જ લાગુ પાડી શકાય છે.

(A) માત્ર 2 અને 3 (B) માત્ર 1 અને 3 (C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 2 ***Ans:*** C

**(972)** રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોના સંદર્ભમાં નીચેનામાંથી ક્યું નિવેદન સાચું છે?

(1) અદાલત કોઈ પણ નિર્દેશકસિદ્ધાંતોને ગેરબંધારણીય અને અમાન્ય તરીકે ઉલ્લંઘન કરતો કાયદો જાહેર કરી શકતી નથી.

(2) અદાલતો જામીન પર કાયદાની માન્યતાને સમર્થન આપી શકે છે તે નિર્દેશકને અસર કરવા માટે ઘડવામાં આવે છે.

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) એકપણ નહિ (D) 1 અને 2 બંને ***Ans:*** D

**(973)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) ભારતના બંધારણમાં એવી એક પણ જોગવાઈ નથી કે સ્ત્રી અને પુરુષને સમાન કાર્ય માટે સમાન વેતન આપવામાં આવે.

(2) ભારતનું બંધારણ પછાત વર્ગોને વ્યાખ્યાયિત કરતું નથી.

ઉપરનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) એકપણ નહિ (B) માત્ર 1 (C) માત્ર 2. (D) 1 અને 2 બંને ***Ans:*** D

**(974)** J.V.P સમિતિમાં કોણ કોણ હતા?

(A) વલ્લભભાઈ પટેલ

(B) જવાહરલાલ નેહરૂ

(C) પાભિ સીતારમૈયા

(D) આપેલ તમામ

***Ans:*** D

www.Gujarat1.com

**(975)** ભારતીય બંધારણની અંતર્ગત નીચેનામાંથી કઈ મૂળભૂત ફરજ નથી?

(A) લોક ચૂંટણીમાં મતદાન કરવું.

(B) વૈજ્ઞાનિક પ્રવૃત્તિનો વિકાસ કરવો.

(C) બંધારણ પ્રત્યે નિષ્ઠાવાન રહેવું અને તેના આદર્શોનું સન્માન કરવું.

(D) સાર્વજનિક સંપત્તિની સુરક્ષા કરવી.

*Ans:* A

**(976)** સંસદની સરળ બહુમતિથી નીચેનામાંથી કઈ અનુસૂચિમાં સુધારો કરી શકાય છે?

(1) બીજી અનુસૂચિ (2) પાંચમી અનુસૂચિ (3) છઠ્ઠી અનુસૂચિ (4) સાતમી અનુસૂચિ

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 4 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 *Ans:* A

**(977)** નીચેનામાંથી કયા વિધાનો સમવાયી તંત્ર રાષ્ટ્ર વિશે સત્ય છે?

(1) તે રાષ્ટ્રમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે સત્તાનું વિભાજન જોવા મળે છે.

(2) તેમનું બંધારણ કઠોર અને લેખિત હોય છે.

(3) સમવાયી તંત્ર રાષ્ટ્રમાં એક નાગરિકત્વ જોવા મળે છે.

(4) તે રાષ્ટ્રમાં દ્વિ–સદનીય સંસદ જોવા મળે છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 2 અને 4 (C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 *Ans:* B

**(978)** નીચેના જોડકાં જોડો.

1. 1971 a. પાંચમી સામાન્ય ચૂંટણી

2. 1978 b. પંચાયતી રાજ સિસ્ટમની શરૂઆત

3. 1952 c. રાષ્ટ્રીય વિકાસ પરિષદની રચના

4. 1959 d. અનુચ્છેદ – 19 માંથી મિલકતના અધિકારને દૂર કરાયો

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b

(C) 1 - a, 2 - d, 3 - c, 4 - b

(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

*Ans:* C

**(979)** પ્રોટેમ સ્પીકર (અસ્થાયી લોકસભાધ્યક્ષ) ની નિમણૂક કોના દ્વારા થાય છે?

(A) રાજ્યપાલ (B) એકપણ નહીં (C) પ્રાધાનમંત્રી (D) રાષ્ટ્રપતિ *Ans:* D

**(980)** ભારતના બંધારણના અનુચ્છેદ - 51 દ્વારા રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોમાંનો કયો સિદ્ધાંત નીચે મુજબ છે ?

(1) ઈરાદાપૂર્વક શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવું.

(2) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સંબંધમાં ન્યાયી અને માનનીય જાળવવું.

(3) આંતરરાષ્ટ્રીય સંબંધો સૌહાર્દપૂર્ણ જાળવવા.

સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 2 *Ans:* C

www.Gujarat1.com

**(981)** અસ્થાયી વિધાનસભા અધ્યક્ષની નિમણુક કોણ કરે છે?

(A) રાજ્યપાલ (B) એકપણ નહીં (C) રાષ્ટ્રપતિ (D) પ્રાધાનમંત્રી *Ans:* A

**(982)** નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?

(A) મુખ્ય ચૂંટણી કમિશનરશ્રીની નિમણૂક રાષ્ટ્રપતિશ્રી કરે છે.

(B) ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનરશ્રી અને બીજા ચાર સભ્યો હોય છે.

(C) એકપણ નહીં

(D) ચૂંટણીપંચની સ્થાપના અનુચ્છેદ – 320 પ્રમાણે થઈ છે.

*Ans:* A

**(983)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) સામાન્ય ખરડાની બાબતમાં રાજ્યપાલશ્રી જ્યારે રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી માટે મોકલવામાં આવેલ હોય તો રાષ્ટ્રપતિશ્રી તેને અસંખ્ય વખત પુનઃવિચારણા માટે મોકલી શકે છે.

(2) બંધારણીય સુધારણા ખરડાને રાષ્ટ્રપતિશ્રી મંજૂરી આપવા બંધાયેલા નથી.

(3) બંધારણીય સુધારણા ખરડો રાજ્ય વિધાનમંડળમાં બહુમતિથી રજૂ કરી શકાય છે.

ઉપરનામાંથી કયા વિધાનો સત્ય છે?

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3 *Ans:* B

**(984)** કયા બંધારણીય સુધારાથી ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી?

(A) 96મો બંધારણીય સુધારો, 2011

(B) 74મો બંધારણીય સુધારો 1992

(C) 42મો બંધારણીય સુધારો, 1976

(D) 91મો બંધારણીય સુધારો, 2011

*Ans:* C

**(985)** બંધારણમાં નીચે જણાવેલ જોગવાઈમાંથી ભારતીય રાજ્યના બિનસાંપ્રદાયિકતાને છતી કરે છે?

(1) રાજ્ય એ કાયદાની સામે કોઈપણ વ્યક્તિની સમાનતાને નકારશે નહિ.

(2) રાજ્ય દ્વારા સંચાલિત કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં કોઈ ધાર્મિક સૂચના આપવામાં આવશે નહિ.

(3) રાજ્ય તમામ નાગરિકોને સમાન નાગરિક સંહિતા માટે સુરક્ષિત સેવાનો પ્રયત્ન કરશે.

(4) સમાજના કોઈપણ વિભાગને તેની અલગ ભાષાને જાળવવાનો અધિકાર હશે.

(A) માત્ર 1, 2 અને 3 (B) 1, 2, 3 અને 4 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 2 *Ans:* B

**(986)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) પ્રથમ રાજભાષા પંચના અધ્યક્ષશ્રી બી. જી. ખેર હતા.

(2) બંધારણના અનુચ્છેદ – 351માં હિન્દી ભાષાના વિકાસ માટે આદેશ આપવામાં આવ્યો.

(3) ભારતની વહીવટી ભાષા તરીકે અંગ્રેજીને પ્રાધાન્ય આપ્યું છે. તથા સંઘની રાજભાષા તરીકે હિન્દીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

ઉપરનામાંથી કયું વિધાન સત્ય છે ?

(A) માત્ર 2 અને 3 (B) 1, 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2 *Ans:* B

**(987)** કયા બંધારણીય સુધારા દ્વારા સહકારી સમિતિઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો?

(A) 96મો બંધારણીય સુધારો, 2011

(B) 90મો બંધારણીય સુધારો, 2011

(C) 91મો બંધારણીય સુધારો, 2011

(D) 97મો બંધારણીય સુધારો, 2011

*Ans:* D

**(988)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) ઝંડા સમિતિના અધ્યક્ષ શ્રી જે.બી. કૃપલાણી હતા.

(2) રાષ્ટ્રધ્વજની પહોળાઈ અને લંબાઈ અનુક્રમે 2 : 3 છે.

(3) રાષ્ટ્રગાનને તત્ત્વબોધિકા પત્રિકામાં "મેરા ભારત મહાન" શીર્ષકથી પ્રકાશિત કરવામાં આવ્યું.

(4) ભારતનું રાષ્ટ્રીય પુષ્પ "ન્યુસિફેરા ગાર્ટન" છે.

ઉપરનામાંથી કયા વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 *Ans:* C

**(989)** નીચેના માંથી કયા વિધાનો NITI આયોગ બાબતે સત્ય છે?

(1) આંતર-રાજયપરિષદના આધારે સંઘ અને રાજયો વચ્ચે પરસ્પર સહકારિતા સાધવા પ્રયત્ન કરશે.

(2) નીતિ આયોગ એ ડાયરેકટર બેનિફિટ ટ્રાન્સફર (DBT) અને યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)ને જોડીને યોજનાઓ બનાવશે.

(3) નીતિ આયોગ લાંબાગાળાની યોજના બનાવવી અને તેના અમલીકરણનું કામ કરશે.

(A) માત્ર 2 અને 3 (B) માત્ર 1 અને 3 (C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 2 *Ans:* C

**(990)** જો ભારત સંઘમાં નવા રાજ્યનું સર્જન કરવું હોય તો કઈ અનુસૂચિમાં સુધારો થાય?

(A) ચોથી અનુસૂચિ (B) ત્રીજી અનુસૂચિ (C) બીજી અનુસૂચિ (D) પ્રથમ અનુસૂચિ *Ans:* D

**(991)** નીચેનામાંથી કયું વિધાન એડવોકેટ જનરલશ્રી સાથે સંલગ્ન છે?

(1) તે રાષ્ટ્રપતિશ્રીની ઈચ્છા મુજબ પોતાના પદ પર રહેશે.

(2) એટર્ની જનરલશ્રીની જેમ તેનો કોઈ બંધારણમાં વિશેષ પદનો ઉલ્લેખ નથી.

(3) તેઓના પગાર તથા ભથ્થા રાષ્ટ્રપતિશ્રીની ઈચ્છા મુજબ રહેશે.

(4) તેઓ રાષ્ટ્રના સર્વોચ્ચ કાયદા અધિકારીશ્રી રહેશે.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 2 અને 4 (D) માત્ર 1 અને 3 *Ans:* D

**(992)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) નાણાં ખરડો છે એ નક્કી માત્ર વિધાનસભાના અધ્યક્ષશ્રી જ કરી શકે. વિધાન પરિષદ નહીં.

(2) વિધાનપરિષદના કોઈ સભ્યની અયોગ્યતાને નિરધારિત કરવાની અંતિમ સત્તા ચૂંટણીપંચ ચર્ચાથી રાજ્યપાલશ્રી પાસે છે.

ઉપરનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) એકપણ નહિ (B) માત્ર 1 (C) માત્ર 2 (D) 1 અને 2 બંને *Ans:* A

www.Gujarat1.com

**(993)** નીચેનામાંથી કઈ લાક્ષણિકતા ભારતે દક્ષિણ આફ્રિકા પાસેથી અપનાવી છે?

(A) સાંસદની સંયુક્ત બેઠક

(B) કાયદા દ્વારા સ્થાપિત કાર્યવાહી

(C) બંધારણના સુધારણા અને રાજ્ય સભાના સભ્યોની ચૂંટણી માટેની કાર્યવાહી

(D) રાષ્ટ્રપતિશ્રીની ચૂંટણી પદ્ધતિ

*Ans:* C

**(994)** ભારતના કેગ(CAG)ના રિપોર્ટને પ્રેષિત કરવા માટેનો યોગ્ય અનુક્રમ જણાવો. (1) કેગ(CAG)નો રિપોર્ટ (2) લોકલેખા સમિતિ (3) રાષ્ટ્રપતિશ્રી (4) સંસદ (5) નિષ્કર્ષ

(A) 1 => 2 => 4 => 3 => 5

(B) 1 => 3 => 4 => 2 => 5

(C) 1 => 2 => 3 => 4 => 5

(D) 1 => 2 => 5 => 4 => 3

*Ans:* B

**(995)** કયા બંધારણીય સુધારા દ્વારા ભારતના બંધારણમાં 12મી અનુસૂચિ જોડવામાં આવી ?

(A) 74મો બંધારણીય સુધારો 1992

(B) 90મો બંધારણીય સુધારો, 2011

(C) 96મો બંધારણીય સુધારો, 2011

(D) 91મો બંધારણીય સુધારો, 2011

*Ans:* A

**(996)** નીચેના માંથી કયો વિકલ્પ ખોટો છે તે જણાવો.

(A) એકપણ નહિ

(B) VVPAT અર્થાત વોટર વેરીફાઈડ પેપર ઓડિટ ટ્રેઈલ

(C) ભારત નેગેટીવ વોટિંગનો સ્વીકાર કરનાર વિશ્વનો 14મો દેશ છે.

(D) કોઈપણ ચૂંટણીક્ષેત્રમાં 64થી વધુ ઉમેદવારો હોય તો ત્યાં EVMની જગ્યાએ મતપાત્રોની મદદથી મતદાન કરાવવું પડે છે.

*Ans:* A

www.Gujarat1.com

**(997)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગનું કાર્ય એવા સમુદાયમાં વન સુરક્ષા અને સામાજિક વનસંવર્ધનમાં વધારે સહયોગ કરવો કે જે અનુસૂચિત જનજાતિના છે.

(2) રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગની શક્તિ સિવિલ કોર્ટની સમાન હોય છે.

ઉપરનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) માત્ર 2

(B) માત્ર 1

(C) 1 અને 2 બંને

(D) એકપણ નહિ

*Ans:* D

**(998)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) જાહેર હિસાબ સમિતિના ચેરમેનશ્રીની નિમણૂક લોકસભાના અધ્યક્ષ દ્વારા કરવામાં આવે છે.

(2) જાહેર હિસાબ સમિતિમાં લોકસભાના સભ્યો, રાજ્યસભાના સભ્યો તથા ઉદ્યોગ અને વેપારના કેટલાક વિખ્યાત વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

ઉપરનામાંથી કયું વિધાન સત્ય છે?

(A) 1 અને 2 બંને (B) માત્ર 2 (C) માત્ર 1 (D) એકપણ નહિ *Ans:* C

**(999)** કયો બંધારણીય સુધારો "જિલ્લા આયોજન સમિતિ" ની જોગવાઈ કરે છે?

(A) 96મો બંધારણીય સુધારો, 2011

(B) 74મો બંધારણીય સુધારો, 1992

(C) 91મો બંધારણીય સુધારો, 2011

(D) 90મો બંધારણીય સુધારો, 2011

*Ans:* B

**(1000)** ભારતીય સંસદીય પદ્ધતિમાં સરકારી વિધેયક એટલે શું?

(A) એવું વિધેયક કે જે લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હોય.

(B) એવું વિધેયક કે જેની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ હોય.

(C) એવું વિધેયક કે જે પક્ષના સભ્યો દ્વારા રજૂ કરવામાં આવ્યું હોય.

(D) એવું વિધેયક કે જે મંત્રી દ્વારા રજૂ કરવામાં આવેલ હોય.

*Ans:* D

**Scan** to Play Quiz Gujarat!

હાલમાં ચાલી રહેલ ભરતીઓ Last Day Job List: Click Here

Updates on WhatsApp: Click Here Telegram: Click Here

OJAS-MG on Telegram: Click Here

Download More Books: Click Here OR visit gujarat1.com/books

Report mistake if any on info@gujarat1.com

www.Gujarat1.com